જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૧/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૨૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૧૬૪ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૩,૦૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૨૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૩૦/૨૦૨૬**

વટવા જીઆઇડીસીઃ વિશાલભાઇ મુકેશભાઇ પટેલ (ઉ.વ.૩૮)(રહે. ગીરીવર ગેલેક્ષી બંગ્લોઝ, રીલાયન્સ પેટ્રોલ પંપ પાછળ, એસ.પી.રીંગ રોડ વસ્ત્રાલ) એ તા.૦૬/૦૧/૨૦૨૬ ના રોજ વટવા જીઆઇડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૨/૨૦૨૫ સાંજના ૫/૦૦ થી તા.૨૯/૧૨/૨૦૨૫ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન જી.આઇ.ડી.સી.વટવા ફેસ–૪ પંચરત્ન એસ્ટેટ પાછળ સર્વે નંબર ૨૪૨/૫ "મિતલ ઇન્ડ્રસ્ટીઝ કંપની" ના છતનું પતરૂ તોડી, અજાણી વ્યક્તિ કંપનીમાં પ્રવેશ કરી, એલ્યુમીનીયમ રોલર નંગ–૫૦ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/– ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એમ.ડાભી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૩૧/૨૦૨૬**

વાસણાઃ (૧) પ્રિયાબહેન અશોકભાઇ ઠાકોર (ઉ.વ.૨૩)(રહે.સાંઇ સાનીધ્ય ફલેટ, જી.બી.શાહ કોલેજ સામે વાસણા) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૧/૨૦૨૬ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાની દાદીના મકાનમાં હુક સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.જાદવ ચલાવે છે.

વાસણાઃ (૨) પ્રિયંકા અતીતકુમાર મકવાણા (ઉ.વ.૩૬)(રહે. સ્વતંત્રતા ફલેટ, રજવાડુ હોટલ સામે વાસણા) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૧/૨૦૨૬ સવારના ૧૧/૦૦ વાગ્યા પહેલા રહેણાંક મકાનમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.રતન ચલાવે છે.

બાપુનગરઃ સતિષભાઇ મોહનભાઇ રાઠોડ (ઉ.વ.૩૨)(રહે. ઇન્દિરા ગરીબનગરના છાપરાં લાલ બહાદુર એપાર્ટમેન્ટ સામે ત્રણ માળિયા બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૧/૨૦૨૬ સવારના ૮/૦૫ વાગ્યા પહેલા પોતાના ઘરે રૂમમાં લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જી.ખૈર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી